૫ વર્ષમાં જ મહેસાણા હાઈવેનો પુલ બેન્ડ થઈ ગયો, તંત્ર હરકતમાં

મહેસાણા, તા. ૨૪

મહેસાણાના બાપપાસ હાઈવે પર ૫ વર્ષમાં જ હાઈવેનો પુલ બેન્ડ મારીને બેસી જતા મહેસાણાનું તંત્ર હરકત માં આજે આવી ગયું છે. જે પગલે આ બાયપાસના રોડને બંધ કરીને તાત્કાલિક ડાયવર્ઝન આપવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. જ્યારે આ મામલે હાલમાં તંત્રએ રોડ બંધ કરીને જાણે મો સીવી લીધું હોય તેવી સ્થિતિનું નિર્માણ થવા ગયું છે અને આ મામલે સ્થાનિક બહુચરાજીના ધારસભ્યએ ગંભીર આરોપ લગાવ્યા છે અને ભ્રષ્ટચારમાં ખડબડતી આર.એન્ડ.બી.ની પોલ આ પુલ પરથી ચોક શંકા ઉપસાવી જાય છે. જે જોતા આ પુલની પોલ મહેસાણામાં ખુલી ગઈ છે જ્યારે જવાબદાર કંપની સામે કાર્યવાહી પણ થાય તેવા એધાણ છે.

મહેસાણાના અમદવાદ પાલપુર બાયપાસ હાઈવેનો પુલમાં પોલંપોલ બહાર આવી છે. મહેસાણાના નુગર બાયપાસ હાઈવે પરથી પસાર થતાં વાહનોને અચાનક ઝટકા લાગતા લોકો આશ્ચર્યમાં મુકાયા હતા. બાપપાસનો આ પુલ સંપૂર્ણ રીતે બેસી ગયો હતો. મહેસાણા માર્ગ આને મકાન વિભાગને આ પુલ બેસી જવાની જાણ થતાની સાથે જ યુધ્ધના ધોરણે દોડધામ મચી હતી અને પુલને હાલમાં બંધ કરી દેવામાં આવ્યો હતો. માત્ર ૫ વર્ષમાંમાં પુલની પોલ ખુલી ગઈ હતી. આજે હાઈવેનો પુલ બેસી જતાં તાત્કાલિક રોડ રીપેરીંગ કરવા માટેની તજવીજ હાથ ધરાઈ છે. હાલમાં રોડ બ્લોક કરીને તે પુલ પર રીપેરીંગ હાથ ધરશે તેવા આઈધણ છે. દુર્ઘટના ટાળવા તાત્કાલિક ડાયવર્ઝન આપવાની નોબત આવી છે અને તે અંગેની તજવીજ પણ કરાઈ રહી છે જ્યારે આ સમગ્ર મામલે ભ્રષ્ટાચાર થયાના સવાલો બહુચરાજીના ધારાસભ્યે સ્થળ તપાસ કરીને જણાવ્યા હતા. મહેસાણા જીલ્લા માર્ગ-મકાન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૪મા આ પુલ સહિત નુગર બાયપાસ તૈયાર કરવામાં આવ્યો હતો. જે આજે અચાનક નીચે બેસી ગયો છે. હાલમાં ભારે હોઈ વાહનચાલકો ગભરાઈ પરત ફરી રહ્યા છે. આ દરમ્યાન કોઈ નાગરિકે માર્ગ મકાનના ઈજનેરોને જાણ કરતાં તાત્કાલિક હાઈવે બંધ કરીને ડાયવર્ઝન આપવા મથામણ શરૂ કરી છે. ઈજનેર ભરત પટેલે આ સમગ્ર મામલે ભેદી મૌન સેવ્યું હતું કેવી રીતે પુલ બેસી ગયો તેની તપાસ મામલે હાલમાં તેમની વાત ચોક્કસથી શંકા ઉપસાવતી હતી અને પોતાની વાતને ઝડપી મીડિયા સમક્ષ ટૂંકાવવી હતી તો ભરતજી ઠાકોરે આ કથિત કૌભાંડ મામલે પ્રશ્નાર્થ ઉભા કર્યો હતા. માત્ર ૫ વર્ષમાં ભારેખમ હાઈવે પરનો પુલ બેસી જવો એ અત્યંત ગંભીર ઘટના છે. સદ્નસીબે કોઈ જાનહાની થઇ નથી પરંતુ હાલમાં આ સ્ટ્રક્ચર મામલે ચોક્કસથી સવાલો ખાડા થયા છે. આ સ્ટ્રક્ચર નીચેથી અને ઉપરથી બને સાઈડે પોલમ પોલમાં આવી ગયો છે. હાલમાં સિમેન્ટનો ઉપયોગ કર્યો જ ન હોય તેવી સ્થિતિનું નિર્માણ થવા ગયું છે લોટ લાકડું અને પાણી મિક્સ કરીને આ પુલ બનાવ્યો હોય તેવું ચોક્કસ જોવાયું રહ્યું છે. બેન્ડ મારી ગાયેલા પુલમાં તિરાડો પડી છે અને તે તિરાડો રીપેરીંગ પણ થાય તેમ નથી જ્યારે સ્ટ્રક્ચરને ઉતારીને નવું બનાવાય તેવા એધાણ છે અને હાલ માં ટ્રાફિક માટે માર્ગ મકાન વિભાગ દ્વારા વાહનચાલકો પસાર પુલ નીચેથી પસાર થાય તે માટે ટાબડતોડ ધોરણે પુલના નીચે ડાયવર્જન આપવાની તજવીજ શરુ કરી છે હાલમાં તો પુલની પોલ આ તિરાડોને જોતા ખુલી ગઈ છે અને મોટી દુર્ઘટના થવાની સંભાવના હાલમાં અટકી છે પરંતુ સૌથી મોટો સવાલ છે કે પુલ બનાવનાર કોન્ટ્રાક્ટરની ભૂમિકા શંકાસ્પદ હોવા છતાં પણ બિલ કઈ રીતે પાસ થયું અને હાલ તેની સામે શું તજવીજ કરશે કે તેમ એ સવાલો અત્યંત મહત્વના બની ગયા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં આજે ઠેર ઠેર રણુંજાધિશ રામદેવના પાટોત્સવની ધામધૂમથી ઉજવણી થશે

મોડાસા, તા. ૨૪

આગામી રવિવારે તા.૨૬ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ મહાસુદ બીજ મહા બીજના મંગલ અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં ઠેર ઠેર રણુજાધિશ રામદેવના પાટોત્સવની ધામધૂમથી ઉજવણી થશે. તે માટેની તડામાર તૈયારીઓ પણ થઈ ગઈ છે.

મોડાસાના રાજપુર (બાકરોલ)ના શ્રી રામદેવજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રદ્ધા-ભકિતપૂર્વક પાટોત્સવ ઉમંગભેર ઉજવાશે જેમાં આસપાસના ગામો ઉપરાત જિલ્લાભરમાંથી રામદેવ ભક્તો ઉમટી પડશે. અહીં ભજનકીર્તન અને સતસંગ અને દર્શન કરી ભક્તો ધન્ય બનશે.

મોડાસા શહેર નજીક દેવાયત પંડિતની સમાધિ સ્થળે દેવરાજ ભુમિમાં પણ પૂ. ધનગીરી બાપુના સાન્નિધ્યે મહાબીજે જામાં જાગરણ પાટોત્સવ ધામધૂમથી ઉજવવા તડામાર તૈયારીઓ આરંભાઈ ગઈ છે. આ દિવસે મોટો ભક્ત સમુદાય અહીં ઉમટી પડશે અને રામદેવજી મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવશે. મોડાસામાં ધુણાઇ રોડ ઉપર આવેલ દેવભૂમિ નજીક સિદ્ધ રામદેવ મંદિરે ગોવિંદદાસ મહારાજના સાન્નિધ્યે પાટોત્સવ ઉજવાશે.

મોડાસા સહિત અરવલ્લી જિલ્લાભરમાં રામદેવ મંદિરો અને સાબરકાંઠા જિલ્લામાં પણ ઠેર મંદિરોમાં રામદેવ પાટોત્સવ જામા જાગરણ કાર્યક્રમો યોજાશે.

પ્રાંતિજ ખાતે જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિનનું રીહલસર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિન યોજાનાર છે તેની તૈયારીઓના ભાગરૂપે આજે પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે રીયલસર યોજાયું હતું જેમાં જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આગામી પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે યોજાનાર છે જેને લઈને આજે રીયલસર યોજાયું હતું જેમાં સાબરકાંઠા જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ દ્વારા ધ્વજવંદન કર્યુ હતું અને તો ધ્વજવંદન બાદ વિવિધ ટેબલો પરેડ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતાં અને સમગ્ર કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા સહિત તાલુકામાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો છે. અશ્વદળ પોલીસ જવાનો દ્વારા પણ તેમની કરતબો બતાવવામાં આવ્યા હતા તો ડોગ દ્વારા પણ તેમની કરતબોની સાથે વિસ્ફોટ સામગ્રી શોધી કાઢવા સહિતની કરતબો બતાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌ કોઈ જોઈને દંગ બની ગયા હતા. દરેક કાર્યક્રમ એક પછી એક સમયસર યોજાયા હતા. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય રવિન્દ્ર મંડલીક, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્રકુમાર એમ. પટેલ, પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ, પ્રાંતિજ મામલતદાર સહિતના જિલ્લાના તથા તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને રીયલસર નિહાળ્યું હતું.

મોડાસાના ટીંટોઈ ગામની ૨૩ વર્ષયી યુવતી શામળાજી કોલેજમાં જવાનું કહી ગુમ થતા ચકચાર

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં લૂંટ, ધાડ, હત્યા, દુષ્કર્મના ગુન્હા સાથે વર્ષ-૨૦૨૦ ની શરૂઆત ખોફનાક થઈ છે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીના શંકાસ્પદ મોતની ઘટના પછી પોલીસતંત્રની ઢીલી નીતિ સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને ગુન્હો ઉકેલવામાં નિષ્ફળ રહેતા રાજયના પોલીસવડા શિવાનંદ ઝાએ સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપાઈ છે ત્યારે મોડાસાના ટીંટોઈ ગામની ૨૩ વર્ષીય યુવતી રહસ્યમય રીતે ગુમ થઈ જતા ભારે ચકચાર મચી છે.

સોમવારે સવારે ૮ વાગ્યાના સુમારે ,મોડાસા તાલુકાના ટીંટોઈ ગામની ૨૩ વર્ષીય યુવતી ઘરેથી કોલેજ જવાનું કહી ઘરેથી નીકળ્યા પછી કોઈને કંઈ કહ્યા વિના ક્યાંક ચાલી જઈ રહસ્યમય રીતે લાપત્તા થઈ હતી. મોડી સાંજ સુધી મનીષા ઘરે પરત ન ફરતાં ચિંતાતુર બનેલા પરિવારજનોએ તેણીની સગાસંબંધીમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ આરંભી હતી.જોકે યુવતીનો કોઈ અત્તોપત્તો ન લાગતા આખરે તેણીના પિતા મુકેશભાઈ મહાસુખ લાલ પંચાલે મોડાસા રૂરલ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે જાણવાજોગ નોંધ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુમ થનાર યુવતીના પરિવારજનોએ મોડાસા રૂરલ પોલીસને જાણવાજોગ ફરિયાદ આપ્યાના ત્રણ દિવસ પછી પણ પોલીસતંત્ર પાસેથી તપાસ ચાલુ હોવાનું રટણ ચાલુ રહ્યું હોવાનું જણાવ્યું હતું.

સાબરકાંઠામાં મહિલાઓ અને સીનીયર સીટીઝન્સની સલામતી માટે શક્તિવિંગની રચના

તમામ પોલીસ સ્ટેશનોમાં એક પુરૂષ અને બે મહિલા કોન્સ્ટેબલની નિમણુંક કરાઈ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં રહેતા સીનીયર સીટીઝન્સ, મહીલાઓ તથા બાળકો સુરક્ષિત અને નિર્ભય રીતે જીવી શકે તે માટે જિલ્લા પોલીસતંત્ર દ્વારા ગુરૂવારે શક્તિવિંગની સ્થાપના કરી તેનો પ્રારંભ કરાયો છે. તે મુજબ જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનોમાં એક પુરૂષ અને બે મહિલા કોન્સ્ટેબલની નિમણુંક કરવામાં આવી છે.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીકના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં રહેતા સીનીયર સીટીઝન્સ, મહિલાઓ તથા બાળકો સાથે કોઈપણ જગ્યાએ સારિરીક શોષણ અથવા જાતીય સતામણીનો ભોગ ન બને તે માટે આ શક્તિવિંગ કામગીરી કરશે. શક્તિવિંગના નિમાયેલા પુરૂષ અને મહિલા કોન્સ્ટેબલો દ્વારા ખાસ કરીને મહિલાઓની યોગ્ય સલામતી પુરી પાડવાનો આશય રખાયો છે. તેમજ જો કોઈ ગુનાહિત કૃત્ય થયેલ હોય તો ભોગ બનનારે તરત જ નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

પોલીસવડાના વધુમાં જણાવાયા મુજબ આ શક્તિવિંગ ખાસ કરીને શાળા, કોલેજો, ટ્યુશનવર્ગો, મંદિરો તથા જાહેર સ્થળે આવેલા બાગ-બગીચા તથા શોપીંગમોલ સહિતના અન્ય સ્થળો પર નજર રાખશે. જેથી જાતીય સતામણીની ઘટનાઓની જાણ કોઈ કારણસર પોલીસ સ્ટેશનમાં થતી નથી ત્યારે આ શક્તિવિંગ સેતુ તરીકે કામ કરશે. તથા મહીલાઓની સાથે ઈન્ટરેક્શન કરી જરૂરી સુચના અને માર્ગદર્શન આપશે.

શક્તિવિંગનો હેતુ ખાસ કરીને મહિલાઓ અને બાળકોમાં કાયદા અંગે જાગૃતી લાવવાનો છે તથા શક્તિવીંગ મહિલા સશક્તિકરણમાં સહયોગી બની પ્રિવેન્ટીંગ પોલીસીંગનું કામ કરશે. ઉલ્લેખનીય છે કે ગુરૂવારે સાંજે હિંમતનગરના પોલીસ હેડક્વાટર્સ ખાતે પ્રારંભ કરાયેલ આ શક્તિવિંગ દરમ્યાન ફિલ્મ અભિનેત્રી શાલીની પાંડે તથા પોલીસવડા સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ડીસાની મધ્યમાં ઓવરબ્રિજ મામલે વેપારીઓનો વિરોધ

ડીસા, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં હાલમાં હાઈવે ઉપર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ડીસા બજારમા પેચિદી બનેલી ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે પણ એક વધુ ઓવરબ્રિજને મંજુરી આપી છે જે ઓવરબ્રિજ જલારામ મંદિરથી એસ.સી.ડબ્લ્યુ. હાઈસ્કૂલ સુધી આકાર પામનાર છે જેનું કામ પણ આગામી સમયમાં શરૂ થનાર છે ત્યારે મુખ્ય બજારમાં બનનાર આ ઓવરબ્રિજનો અત્યારથી વિરોધ પણ સ્થાનિક વેપારીઓ દ્વારા થઈ રહ્યો છે. ગઈકાલે ડીસા સરદારબાગ તેમજ શિવાલીક શોપિંગ સેન્ટરના વેપારીઓ એકઠા મળી પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવીને જણાવ્યું હતું કે ઓવરબ્રિજ બનવાના કારણે તેમના વેપાર ધંધા પર અસર પડશે અને તેઓ બેકાર બનશે. આવી રજુઆત સાથે ડીસા નગરપાલિકા ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી ઓવરબ્રિજ ન બને તેવી રજુઆત કરી હતી.

મોડાસામાં વીજકર્મીનું મોર્નિંગવોક બન્યું અંતિમ વોક

હિટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા વાહનની અડફેટે આધેડનું મોત

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ વાહન હંકારતા અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસા શહેરના મેઘરજ રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા વાહનની અડફેટે મોર્નિંગ વોકમાં નીકળેલા માલપુર વીજ કચેરીમાં ફરજ બજાવતા આધેડ વીજકર્મીનું મોત નિપજતા શોકાગ્નિ છવાઈ હતી. અકસ્માતના પગલે લોકોએ મેઘરજ રોડ પર ફોરલેન રોડ બનાવ્યા પછી ડિવાઈડર નહિ બનતા વાહનચાલકો બેફામ વાહન હંકારતા નાના-મોટા અકસ્માત થતા અને અકસ્માતમાં એક નિર્દોષ રાહદારીએ જીવ ખોવાનો વારો આવતા સ્થાનિક લોકોએ મેઘરજ રોડ પર ચક્કાજામ કરી ડિવાઈડર અને બમ્પ બનાવવાની માંગ કરતા અકસ્માતને પગલે દોડી આવેલી પોલીસે સ્થાનિકો સાથે સમજાવટ કરી ટ્રાફિક પૂર્વરત કરાવી લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના મેઘરજ રોડ પર રહેણાંક સોસાયટીમાં રહેતા અને માલપુર વીજકચેરીમાં ફરજ બજાવતા બી.જે. ખરાડી રાબેતા મુજબ વહેલી સવારે મોર્નીંગ વોકમાં નીકળ્યા હતા. પેટ્રોલપમ્પ નજીકથી પસાર થતા સમયે અજાણ્યા વાહને ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. વહેલી સવારે થયેલા અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. મેઘરજ રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં નિર્દોષ વીજકર્મચારીનો ભોગ લેવાતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. નગરપાલિકા પૂર્વ કોર્પોરેટર મહેશ ઘોડાએ અને સ્થાનિકોએ વારંવાર થતા નાના-મોટા અકસ્માતોના પગલે કોન્ટ્રાક્ટર અને જવાબદાર તંત્રમાં ફોરલેન રોડ પર ડિવાઈડર અને બમ્પ બનાવવાની માંગ કરવા છતાં આંખ આડે કાન કરતા રોડ પર બેસી ચક્કાજામ કરતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતને પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી સ્થાનિકોને સમજાવી ચક્કાજામ દૂર કરી ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

લીંભોઈ ગામે શનિ મંદિરે "વિશેષ અભિષેક પૂજા" યોજાઈ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં શુક્રવારે પોષી અમાસે લીંભોઈ શનિદેવ મંદિરે ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ૩૦ વર્ષ પછી શનિના મક્કર રાશિમાં પ્રવેશનો અનોખો સંયોગ સર્જાતા ભક્તોનો શનિદેવના દર્શનાર્થે ભક્તો ઘોડાપુર ઉમટ્યું હતું. શનિ મંદિરે (મીની શનિ શિંગણાપુર) "વિશેષ અભિષેક પૂજા" યોજાઈ હતી જેમાં મંદિરે ફળોનો ભોગ ધરાવીને વિવિધ પૂજાનું આયોજન પૂજારી ચિરાગભાઈ જોશીએ કરતા શનિદેવના મંદિરે ભકિતમય માહોલ પ્રગટ્યો હતો. વિવિધ ફળો સહિતનો અન્નકૂટ ધરાવાયો હતો. અહીં સવારથી જ દૂર દૂરથી ભક્તો દર્શને ઉમટી પડ્યા હતા. જેમાં મુંબઈથી પણ શનિ ભક્તો પહોંચી દર્શન, અર્ચન, પૂજાવીધીમાં જોડાઈને ધન્ય બન્યા હતા.

અરવલ્લી જિલ્લામાં એક માત્ર લીંભોઈ ખાતે આવેલ આ શનિ મંદિરે તમામ તહેવારોએ વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવે છે. અહીં દર શનિવારે પણ ભક્તો દર્શને આવે છે.

આ વખતે પોષી અમાસે ૩૦ વર્ષ પછી શનિના મક્કર રાશિમાં પ્રવેશનો અનોખો સંયોગ સર્જાતા શનિદેવના દર્શનનો લ્હાવો લેવા ગામેગામથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યાં હતાં. દિવસભર પૂજાવિધિ પછી સાજના અન્નકૂટ ફળોનો ભોગ ધરાવેલ અન્નકૂટ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ૐ શં. શનિશ્ચરાય નમઃ ના પાવન મંત્રનાદથી માહોલ અલૌકિક ભાસી રહ્યો હતો.

ડીસા એન.પી. ગર્લ્સ સ્કૂલમાં 'બેટી બચાવો બેટી પઢાઓ' કાર્યક્રમ યોજાયો

સમગ્ર દેશમાં જ્યારે કન્યા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે શુક્રવારે ડીસામાં ધારાસભ્ય શશીકાંત પડ્યાનાં અધ્યક્ષ સ્થાને પણ એક કાર્યક્રમ યોજાયો હતો સાથે સાથે બેટી બચાવો બેટી પઢાવો અને સુપોષિત ગુજરાતનું નિર્માણ કાર્યક્રમ અંતર્ગત ડીસા નગરપાલિકા સંચાલિત ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ધારાસભ્ય શશીકાન્ત પંડ્યાનાં અધ્યક્ષસ્થાને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી, સીડી પીઓ, નગરપાલિકા સદસ્ય અતુલભાઈ શાહ તથા અન્ય કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા તાલુકા આરોગ્ય કચેરીમાં પી.આર.ઇ. કાર્યક્રમ યોજાયો

ડીસા તાલુકા આરોગ્ય કચેરી ખાતે પી.આર.ઇ. (પંચાયતી રાજ્ય ઇન્સ્ટિટ્યૂટ) ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના અધ્યક્ષસ્થાને વર્કશોપનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસા તાલુકાની ૧૧૭ ગ્રામ પંચાયતોની ગ્રામ્ય આરોગ્ય સમિતિના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમને સંબોધતા ધારાસભ્યે સમિતિની દર મહિને બેઠક બોલાવી ગામડાઓમાં આરોગ્યના પ્રશ્નોની ચર્ચા કરી તેના ઉકેલના પ્રયાસો કરવાની હાકલ કરી તેના માટે મારી જરૂર પડે તો ગમે ત્યારે જાણ કરી શકો છો હું હંમેશા તમારી અને પ્રજાની સાથે છું તેમ ઉમેર્યું હતું.